Aapdu Surat

# મારી કલમે

# “તાપ્તી નદી”

નિહાળું તને શીખું હું તારી જેમ વહેતા,
વચ્ચે ભલે આવે પથ્થર ને ડાળખા,
તો પણ ના રુકુ તેજ શીખવ્યું શાંત વહેતા.
સત સત નમન તાપી માતા ને...
Write by:- Italiya Dharti

તાપી એટલે સુર્ય પુત્રી તાપી માતા
આ તાપી તેનું રૌદ્ર સ્વરૂપ બતાવે છે
તેનું કુદરતી નજારો તેમજ તેના વહેતા પાણી ની ત્યા નજર કરતા ની સાથે
મન ના તમામ દુર્ગુણો દૂર થઈ તેમજ કોઈ પણ ખરાબ વિચારો હોઈ તોય
દૂર થઈ જાઈ..
તાપી કોમળ સ્વરૂપ દર્શાવે છે..લાગણી શીલ દર્શાવે.
Write by:- Prahlad Rajpara

સૂર્ય પુત્રી તાપી કે'વાણી તું,
ખળ-ખળ વહેતી આવી તું,
સુરતમાં છેવાડે સમુંદરને મળી તું,
રસ્તામાં અનેક ને તારતી આવી તું,
નીર રૂપી હર-ઘર પહોંચી તું,
કર્મનાથને કાંઠો આપતી આવી તું,
સૂર્ય પુત્રી તાપી કે'વાણી તું,
Write by:- જયદીપ કાનાણી

# મારી કલમે

# “તાપ્તી નદી”

હુ તાપી નદી કે જેને લોકો પ્રેમ થી તાપી મૈયા પણ કહે છે.અને પવિત્ર પણ માને છે.
જો સચેજ આટલો જ પ્રેમ હોઈ મારા થી તો કૃપા કરીને મારા માં કચરો નાખી ને ગંદી ના કરો.
Write by:- Ankita Ribadiya

જેમને પોતાના અમૃત તુલ્ય જલધારાની અમૂલ્ય કિંમત નથી વર્ણવી અને આપણાં જીવનને ઉજાગ્રત કરવા પોતાના આંગણે આશ્ચર્ય આપ્યો એવા સૂર્યપુત્રી તાપીમાતાનો હું ઋણી મારી કલમના શબ્દોથી સદ્ સદ્ નમન કરું છું...
Write by:- Yash Dhameliya

"માં તાપી"
ખળ ખળ વહેતુ એનું ઝરણું
હર મનમાં 'માં' રૂપી વસી ગયું,
સૂર્યપુત્રી માં તાપી છે તું,
સુરત ની *માં* ગંગા કેહવાઈ.....
Write by:- Ghanshyam C.Thummar

પ્રકૃતિના ખજાનાનો સુંદર નજારો છે તું તાપી, સૂર્યપુત્રી તરીકે સર્વે ઓળખાતી તું ' તપ્તી ' તાપી,
સર્વે પ્રેમરૂપી ધારા વહેવડાવતી તું તાપી...સુરત શહેરના લોકોની વ્હાલી છે તું તાપી...
Write by:- KALSARIYA AVANEE G

# મારી કલમે

# “તાપ્તી નદી”

દુનિયાના દુઃખો દૂર કરતી મા તાપી.
સુરતને રત્ન ધારણ કરતી મા તાપી.
ઘણા પુલોની સવલતો છતાં સદા શાંત નીરે વહેતી મા તાપી.
હીરા રત્ન ઝવેરાતનું નજરાણું દુનિયા સમક્ષ કરતી મા તાપી.
લાખો મજલ કાપી સમંદરને તિથલમાં મળતી મા તાપી.
Write by:- Gayatri U patel

પહાડ-મેદાન ગામ-શહેર બધે જુદા રૂપે ખીલતી,
સાતપુડાનાં સૌંદર્યને સુરત આવી સાગરે સોંપતી..
Write by:- Jaimini Solanki

માં ગંગા પહેલા ઉદભવી, જેના સ્મરણ માત્ર મુક્તિ મળે,
સૂર્યપુત્રી છે જેનું બિરુદ, હે માં તાપ્તી તમને વારંવાર નમું.
Write by:- Kishor Soneji

# મારી કલમે
# “તાપ્તી નદી”

વિશાળ હૃદય અને પ્રેમાળ છે સ્વરૂપ જેનું એ સૂર્યપુત્રી તાપી,
સુરત અને સુરતીઓ ની જીવાદોરી સમી આ માતા તાપી.
ગંગા સમાન પવિત્ર જેની બુંદ-બુંદ, એમ શિવજી નો જેને આશીર્વાદ.
સાગર પણ સમજે છે મહત્વ જેમનું એટલે જ મળે છે સામે થી.
ફેરવી ને મમતા નો હાથ યાદ કરાવે છે જે સંતાનો ની ફરજ,
પાલન પોષણ કરી નિભાવ્યો માતૃધર્મ, કરે છે હવે સંરક્ષણ ની અરજ!
Write by:- Nikunj Sondagar

સૂર્ય સમ તેજ આપતી સૂર્ય પુત્રી તાપી
સુરત ની શાન અમારી તાપી
સમી સાંજે સંધ્યા નું પાન એટલે તાપી
રેશમી કાપડ નાં રંગો નો ઉજાસ એટલે તાપી
ડાયમંડ નગરીનો ચળકાટ એટલે તાપી
Write by:- Jasmin Chandera

સુરતની શાન ને સુરતીઓનું તેજ સૂર્યપુત્રી તાપી,
કાપડના રંગોનો ઉજાસ ને ડાયમન્ડનો ચળકાટ આપણી તાપી,
ઢળતી સાંજે સુરતીઓનું સંધ્યાપાન આપણી તાપી.
Write by:- Jasmin Chandera

# મારી કલમે

# “તાપ્તી નદી”

તાપી તું સરિતા સતેજ સતત સંકેત આપે મને ભાસે દૂર સુદુર સાગર સમી
સોહાગ શોભા ઘણી તાપ્તી નામ વળી સુર્યાં દુહિતા તું દેવી બની પૂજતા
ગિરિ સાતપુડા મહી ધવલ નીરે ખાબકી જોશથી વેગે દોડત ખાનદેશ તરફે
સીધી પછી સુરતે પુર્વ થી ઝરણાં પશ્ચિમ દિશ દોડે આપગા ચોપગા
બારેમાસ વેહવું ને સતત તારા દિલ માં પ્રણયે...
Write by:- Munisa Kadiwala

સૂર્યપુત્રી તાપી જે કર્ણની દાહ ભૂમિ ની સાક્ષ થનારી,
એ શિવાજીના શાસન ને જીવાદોરી પૂરી પાડનારી,
મુલતાઈથી નીકળીને અરબ સાગરને મળનારી,
એ મીની ભારત એવા સુરતને નીર આપનારી...
Write by:- Niraj Sagthiya

ઉંચા પહાડોથી છલાંગ લગાવતી, એક નદી વહેતી જાય છે,
નદી-નહેર તો કોઈ, માં કહીને બોલાવે છે,
શાંત-શીતળ જેવી, હર્ષ-ઉલ્લાસ થી ભરી દેતી,
આ તાપીમાં છે સાહેબ, જે બધી ઈચ્છા પુરી કરે છે.
Write by:- Ankita Kuchhadiya

# મારી કલમે

# “તાપ્તી નદી”

" પૃથ્વીના જીવો બચાવવા ધગધગતો સૂરજ જ્યારે રડે છે,
ત્યારે આંસુ સરકી ને ધરતી પર પડે છે.વહે આંસુ પ્રવાહ બની લીધું સ્વરૂપ
તાપીનદી બની,
એતો સૂરજ ની બેટી, આવી સુરત ને ભેટી."
Write by:- Divyangi Patoliya

આ સંધ્યા ટાણે તારે કિનારે ઊભા રહ્યા'તા તાપીમૈયા,
અને હા... અચાનક યાદ આવ્યું
તારા તો સ્મરણ માત્રથી જ સઘળાં પાપનો નાશ થાય છે.
Write by:- Mayurika Gamit

"તાપી" તારા વહેતા પાણી,
જે પીવે તેની સુધરે વાણી.

૧૪ ઉપનદી 'ને અંતર ૭૨૪કિ.મી.,
સૂર્યપુત્રી હવે તારી મહાનતા સમજાણી.

મુલસ્થાન તારી મધ્યપ્રદેશ મુલતાઈ,
હે! તાપી હવે રવિના હ્રદયમાં કર પધરામણી.
Write by:- Ravi Kalathiya

# મારી કલમે

# “તાપ્તી નદી”

તાપ્તી' તાપી'આદિ ગંગા' છે તું.
બળે છે પાપ માત્ર સ્મરણ કરવા થી તારું.
સૂર્ય પુત્રી છે તુ. હંમેશા વહેતી રહેતી છે તું.
મૂલધાઈ થી નીકળતી સુરતમાં અરબ સાગર ને મળતી તું .
સુંદરતાની પરિભાષા છે તું . સુરત ને જોયું છે ચડતા પડતા તે.
હંમેશા સુરત ની ઢાલ બની સાથ આપતી તું .
Write by:- Nikita Jasoliya

સૂર્યનારાયણ ની આંખ ના અશ્રુ થી જે ઉત્પન્ન થઈ - એ અમારી તાપી;
સત્યોદ્ભવા, કિલાંબિકા, તાપિની, તપનહ્રદા, સાવિત્રી,
જેવા સઘળા એકવીસ નામે ઓળખાય - એ અમારી તાપી;
આખાયે સુરત ની જીવાદોરી ની જેમ વર્તે ને - એ અમારી તાપી;
ને જેને અમે માતા ની જેમ પૂજીએ ને - એ અમારી તાપી;
વીર એટ-એટલું લખે તો યે ઓછું પડે બાપ ,
આ તો અમારા સુરત ને ઝળહળતું રાખે ને ઈ મોભો - અમારી તાપી.
Write by:- Pipaliya Rutvik

આસમાની ચુંદડી ઓઢી મલકાતી જાય જોને, પ્રીતમ સાગર ને મળવા
હરખાતી જાય જોને,
સુરત શા ઉર ને ધબકંતુ રાખવાને, તાપી શી ધમની બની વેગવંતી જાય
જોને,
સરિતા તો આમ જોને શબ્દો ના ખેલ બધા, નદીરૂપી માત બની અમી વેરતી
જાય જોને.
Write by:- Thummar Komal

# મારી કલમે

# “તાપ્તી નદી”

જનની, જન્મભૂમિ, ગિરા, તટિની , પ્રકૃતિ રુપ છે નિરાળા. વ્યાપ્ત છો સઘળે આપ જગ જનની મા. અજોડ આપના સ્વરૂપને ન શકું વર્ણવી. તરસ્યાથી લઈને તવંગરને પોષનારી, પ્રદૂષણ રુપી ઝેરને સમાવનારી, અપત્યને પ્રકૃતિના ખોળામાં ઉછેરનારી. રમવાને આ અજોડ ખોળામાં હું બાળ, રહીશ હું સમીપ મૈયા તાપી     નમામિ તાપી મૈયા

Write by:- Patel Meghal

તું જ સુરતની શાન, ધબકતી રાખે જાન
હે માં તાપી.
તુજ પોષણકર્તા, દુ:ખહર્તા તારા ઉપકાર ન શકીએ માપી
હે માં તાપી.

Write by:- Ashvin Prajapati

સાતપુડા માંથી નિકળતી ને મુલતાઇ છે એનો ઉદભવ
સુરતી ના સુરત ને વિન્ધી ને આગળ નીકળનારી
ઉકાઈ અને કાકરાપાર નો બોજ ઉપાડનારી
એવી હે સુર્યપુત્રી તાપી તુ સદા કલ્યાણી રહેજે

Write by:- Nirav Viradiya

# મારી કલમે

# “તાપ્તી નદી”

હું સૂર્યપુત્રી તાપી....કહેવાય આટલી પવિત્ર નથી....
નાંખે છે લોકો ફૂલ પૂજાપો... પણ છતાંય અપવિત્ર પણ નથી...
વિચારે લોકો મારાં કિનારે બેસીને...... પાણી એટલું ચોખ્ખુ નથી.....
હું વિચારું એમને જણાવી દઉં કે તારા મન જેટલું મેલું ય નથી.....
Write by:- Nisha Shaileshbhai Viradiya

આ શહેર પર આવતી આફતોને તાપી મૈયા વારતી જાય છે
માતા ચ પિતા ચ ત્વમેવ ને સાર્થક કરતી જાય છે
નિર્મળ લયે ઘુઘવાટા કરી શહેરને ભીંજવતી જાય છે
સૂર્યપુત્રી પોતાની પવિત્રતા સુરત શહેરની સૂરત ને આપતી જાય છે
Write by:- Sabhaya Maithilaben Bipinbhai

તાપીના લહેરોનો અવાજ હોય ,
હૃદયના બધા સપના શાંત હોય ,
વહેતું આ ખળખળ પાણી હોય ,
સાથે પંખીઓનો મધુર અવાજ હોય ,
લાગે જાણે પ્રકૃતિ સાથે વાતો હોય .
Write by:- Isha Bhalani

# મારી કલમે

# “તાપ્તી નદી”

**તાપી કિનારો**

હું સ્વચ્છ સુરતનો તાપી કિનારો
આજે નથી રહ્યો મારો કોઈ સહારો

ઘણી હતી મારી મિઠી વાણી
મને મળ્યા પરીણામે ડોળા પાણી
ને સુરત ને દરેક ખુણે ચોખ્ખા પાણીનો ફુવારો
બસ, કાદવવાળો રહી ગયો મારો કિનારો

કચરાનું શું કચરો તો વહી જશે
પણ એની ગંધ મારા પાણીમાં રહી જશે
સુરત સ્વચ્છતાના બીજા ક્રમે
મારા તળીયે પીડા તો રહી જ જશે

અહીં ના લોકોને લોચો ઘણો ભાવે
પણ ખાઈને કાગળ મને અંબાવે

હતો લોકો સાથે સારો વ્યવહાર મારો
એટલેજ રહી ગયો હું મેલો કિનારો

અંધશ્રધ્ધા સાથે કોઈ દુશ્મની ન્હોતી
એને જ કર્યો બગાડ મારો

ગંદકીની છેલ્લી હદે ગંદો થયો હું
પાણી પહોંચાડું દરેક ઘરે
તેમ છતાં અવગણો થયો હું

મારા પાણીને બધા માતા કહે ને
ચડાવેલા મારી પર નારીયેળ-ચુંદડી ફેંકેં

સફાઈ ન કરો તો કઈ નહીં
પણ ચોખ્ખાઈ પર પાણી ન ફેરવો

સાફ કરશે સરકાર એકાદ કિનારો પણ
કેટલું કરશે 'અમી' એકલો બિચારો

હું સ્વચ્છ સુરતનો તાપી કિનારો
આજે નથી રહ્યો મારો કોઈ સહારો
Write by:- જયદીપ પરમાર 'અમી'

# મારી કલમે

# “તાપ્તી નદી”

એ મહુડા કેસૂડા ના મદ માં મહેકતી ને મિઠુંડુ મલકાતી તાપી,
ટપકાવી રહેતી ટાઢુંડી લાલાશ જોઈ,હૈયે થી હરખાતી તાપી
આ શરમાતી સંતાતી વિયોગથી કરમાતી,કળી કમળ ની કેમ મુરજાય?
મુરજેલી મૂકીને સુંદરતા સંઘરીને,રાતરાણીને ખીલવી ગઈ તાપી.
Write by:- Kripalsinh Parmar

સુરતવાસીઓને,
પ્રકૃત્તિના ખોળે બેસી શકાય એવો કિનારો મળી ગયો.
માતા તણી હૂફનો પર્યાય મળી ગયો.
પ્રકૃત્તિનો નજારો અને માતાની હૂફ નો સહારો,
આ બંનેની પૂર્તિ "તાપી મૈયા" એ કરી દીધી.
Write by:- Vaibhav Dholariya

કષ્ઠ, ઉતારા , ગંદગી બધું પોતાના માં સમાવતી ,
તોય સ્વચ્છતા અને સમર્પણ ના ભાવ સમજાવતી ...
ક્યારેક જળહળ તો ક્યારેક શાંત વહી ને પાણી નું મહત્વ બતાવતી,
એવી અમારી સુરત ની નદી તાપી અથવા તાપ્તી ના નામે ઓળખાતી...
Write by:- Ansari Rukhsar

મારી કલમે

# “તાપ્તી નદી”

સુરત ને પ્રકૃતિ એ આપેલી અમૂલ્ય ભેટ એટલે તાપી નદી.
જેનુ માત્ર નામ સ્મરણ કરવા થી પણ માનવ જાત ના પાપ નાસ થાય છે.
સ્વર્ગ ના અમૃત સમાન મંત્ર એટલે જય તાપી મૈયા
Write by:- Kinjal Chabhadiya

સૂર્યનારાયણ અને છાયાદેવીની વ્હાલી પુત્રી તાપી નદી
ગોદાવરી અને નર્મદાની બની મધ્યસ્થી છે તાપી નદી
અષાઢ સુદ સાતમે જેનો જન્મદિવસ ઉજવાતો તે તાપી નદી
સુરતીજનોની માત જે ડુમસના દરિયે સમાણી તે માં તાપી નદી
Write by:- Vandan sandip Mangroliya
પ્રેમ તણો વારસો આપી બેઠેલી તાપી...
નિષ્પક્ષતા નીડરતા સ્થિરતા ગતિશીલતાની ઝાંખી કરાવતી તાપી...
જ્યાં આધ્યાત્મિકતા અને પ્રકૃતિ એક સાથે દીઠી એ તાપી...
Suraj A Nayee

## મારી કલમે

# “તાપ્તી નદી”

મળ્યો છે મુને એક કિનારો,
એણે ખોલ્યા મારા ,અંતર ના દ્વારો .
મળ્યો છે મુને એક કિનારો....

સવાલ કર્યો મુને હળવાશ થી,
આવ્યો છે તું કઈ આશ થી,

નિરાશ થઈ શા માટે ફરે છે,
જણાવી દે તું શા માટે રડે છે,

ઘણા આવીને ગયા અહી,
મે આપ્યો છે એને માત્ર ઈશારો.
મળ્યો છે મુને એક કિનારો.....

દર્દો લઈ ને બેઠો છું દિલ માં ,
ઇલાજ નથી મળતો એકેય ઝીલ માં,

દિલ ની આ બીમારી કોઈ પારખી જાણે,
મળે કોઈ ઘાયલ તો દવા બતાવે ,

મારા દિલ ની વાત તું એકજ સમજ નારો .
મળ્યો છે મને એક કિનારો ...

Sumit Rampariya